સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પવન-પુત્રને પોતાના વાડામાં પૂરવા મથે છે
વિરાટ ચરિત્રને નાત-જાત બાંધવાના પંથે છે
સૂઝી છે કમત, મત માટે, યોગી છે ગોરખધંધે!!
મૂર્ખા હનુમાનની છાયાથી તરી જવાની ઓથે છે
(મત માટે હનુમાનને મૂકતા નથી)

હાઈકુ

એક થપાટે
ચાલ્યા જશો પાતાળે -
એને ન છેડો...

કરે છે ડ્રાંઉં
કુવાનાં દેડકાં
અક્કલ વિના

ચિંતન

બ્રહ્મૈવ નિત્યમન્યત્તુ હ્યનિત્યમિતિ વેદનમ્ ।
સોડયં નિત્યાનિત્યવસ્તુવિવેક ઈતિ કથ્યતે ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

'બ્રહ્મ જ નિત્ય છે, પણ બીજું બધું અનિત્ય છે.' એમ જાણવું એ નિત્ય-અનિત્ય વસ્તુનો વિવેક કહેવાય છે.

શરીરને ટાટ-તડકો, રોગ-પીડા-દુઃખ ભૌતિક સુખ સંપત્તિ કે દારિદ્રયના દુઃખ પડે છે માણસ પોતાના શારીરિક મનથી આવું વિચારી સુખી-દુઃખી થઈ મરે છે.

જ્યારે 'આત્મા' અમર છે તેને કંઈ જ થતું નથી. આ સમજને 'વિવેક' કહેવાય.

સુવિચાર

- સત્ય કો હમ જાનના ચાહતે હૈં લેકિન જીના નહીં ચાહતે ક્યોંકિ જાનના આસાન હૈ જીના મુશ્કિલ - **ઓશો**
- સંબંધો માટે માણસો માળી બનવું, કઠિયારો નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયામાં દરેક વ્યક્તિ પોતાની લાયકાત પ્રમાણે ચમકે છે ઈચ્છા પ્રમાણે નહિ - **બર્નીઝ કહેવત**
- બ્રહ્મજ્ઞાની માટે સ્વર્ગ તૃણ છે, શૂરવિર માટે જીવન તૃણ સમાન છે જીતેન્દ્રિય માટે સ્ત્રી તૃણ સમાન છે અને નિસ્પૃહ માટે દુનિયા તૃણ સમાન છે - **ચાણક્ય**
- જ્યારે કોઈ ગુનેગાર નિર્દોષ છૂટી જાય છે ત્યારે ન્યાયાધીશ ગુનેગાર બની જાય છે - **લેટિન કહેવત**
- ચાલો, એવું વિચારીને કર્મો કરીએ કે આપણી આંખ બંધથાય, એ પહેલાં થોડી ખુલી પણ જાય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : કાંદાનું પડ સહેજ ગરમ કરી સૂજેલા અંગ પર લગાડવાથી સોજો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અબ્રાહમ લિંકન રાષ્ટ્રપતિ બન્યા રપછી પણ તેમના વિરોધીઓ રોજ છાપામાં તેમના વિરુદ્ધ ઘણું છપાવતા. પણ આ બધી બાબતોથી વિચલિત થયા વગર લિંકન પોતાનું કામ કરતા રહેતા. એક મિત્રથઈ આ સહન ન થયું એટલે એમણે લિંકનને પૂછ્યું, વિરોધીઓ તમારી વિરુદ્ધ કેટલા બધા પાયાવિહોણા આક્ષેપો છાપામાં છપાવે છે. તમારે આવા આક્ષેપોનો જવાબ આપવો જોઈએ. લિંકને કહ્યું, 'મારી આલોચનાઓના હું જવાબ આપવા બેસું તો મારો સમય એમાં જ જશે. મારો ઉદ્દેશ્ય છે કે મારી દરેક યોગ્યતા અને શક્તિનો ઉપયોગ કરી હું સંપૂર્ણ જવાબદારીપૂર્વક મારું કામ કરું અને એ જ હું કરી રહ્યો છું. ઈર્ષ્યા, નિંદા, આક્ષેપોની ચિંતા જ કરવી નથી. જે સાબિત થવાનું હશે એ કામ જ એ કામનું ફળ જ સાબિત કરશે. જો મારું કામ સારું ફળ આપશે, પ્રગતિ આવશે. તો મારા વિરોધીઓની બધી જ આલોચના આક્ષેપો પાયા વિનાના સાબિત થઈ હવામાં ઓગળી જશે. અને એ પણ એટલું જ સત્ય છે કે હું ગમે તેટલી ઈમાનદારીથી કામ કરું પરંતુ જો સારું ફળ નહીં મળે, પ્રગતિ નહીં થાય તો હું લાખ સફાઈ આપું કે મારું કામ સાચું હતું છતાં લોકો મારો વિશ્વાસ નહીં કરે. એથી આ બધા આક્ષેપોની ચિંતા કર્યા વગર કામ કરવું છે. સારું-સાચું ફળ જ તમને સાચા સાબિત કરશે.' આમ સૌની નિંદા સાંભળો, સહન કરો પણ પોતાનું કામ ઈમાનદારીથી કરતા રહેવાથી સમાજનું ભલૂ થઈ શકે છે.

ભાજપની જીત સુનિશ્ચિત કરવાનો આશય

તંત્રીસ્થાનેથી...

સત્તા સરકી જતી લાગે ત્યારે સત્તાધીશો હાંફળાંફાંફળા થઈ જતા હોય છે. ગરીબ સવર્ણ બિલ સંસદમાં ઉતાવળે પસાર કરી દેવા પાછળ શાસક ભારતીય જનતા પાર્ટીનો આશય સીધો જ સવર્ણ વોટબેંક અંકે કરવાનો છે, તે બાબતે ભાગ્યે જ કોઈ મેતભેદ હોઈ શકે. સવર્ણોને માત્ર જાતિગત કારણોસર અનામતના લાભોથી વંચિત રાખવાના રાજકારણને મોદી સરકારે સાહસપૂર્વક નકાર્યું છે. એથી એટલું તો સ્પષ્ટ છે કે ભલે ચૂંટણીના થોડાક જ વખત પહેલાં અને સરદારની મુદ્દત પૂરી થવાના ગણતરીના દિવસો બાકી છે ત્યારે સંસદના છેલ્લા સત્રમાં ઓચિંતું આ ગતકડું કાઢ્યું હોય પરંતુ એથી ચૂંટણીલક્ષી લાભ તો થઈને જ રહેશે. સવર્ણોની પાર્ટી તરીકેની સ્પષ્ટ ઈમેજ ધરાવતી પાર્ટીએ પોતાના મતદાર સમુદાયનો વ્યાપ વધારવા માટે આંબેડકરથી લઈ બિરસા મુંડા સુધીની દલિત-આદિવાસી નેતાઓનો મહિમા કર્યો; નહેરુ પરંપરાને માત આપવા એણે એકતા અને અખંડિતતાના પુરસ્કર્તા લોહપુરુષ સરદાર પટેલનું ક્યારેક કોઈને ન કર્યું હોય તેવું તર્પણ કર્યું. સુભાષચંદ્ર બોઝ સાથે કથિત ન્યાયનો મુદ્દો ઉછાળી કોંગ્રેસને ફિક્સમાં મૂકવાનો પ્રયાસ કર્યો. સવર્ણ અનામત પૂર્વે એસસી-એસટી અનામત બિલ પસાર કરી સુપ્રીમ કોર્ટે એ મુદ્દે કરવા ધારેલ સુધારા અને હળવા ફેરફારોને રદ કરી ભારતીય જનતા પાર્ટી એવી છાપ ઉપસાવવા કોશિશ કરાઈ હતી. આ તમામ હવાતિયાં આખરે તો ચૂંટણીમાં જરૂરી જનસમર્થન સાંપડી રહે એટલા એક માત્ર આશયથી મારવાં પડ્યાં હોય છે. હવે તો ગામડિયા મતદારો પણ સમજી ગયા છે કે આવાં લોલીપોપ આપી આપી સત્તાધારી ભાજપ વધુ પાંચ વર્ષ માટેનો પાકો પરવાનો મેળવી લેવા માગે છે. વચગાળાના બજેટમાં હજી તો આવાં ઘણા લોકપ્રિય પગલાં ભરાશે. બનવાજોગ કે બિહાર, ઓડિશા અને તેલંગાણા જેવાં કેટલાંક રાજયોનો વર્ષોથી લટકતો રહેલો વિશેષ રાજયનો દરજ્જો માગતો પ્રસ્તાવ પણ હવે પછીના દિવસોમાં પસાર કરી દેવાય. અધ્યાદેશની સત્તા હેઠળ આવા લોકપ્રિય નિર્ણયો કરી 'સબકા સાથ' લેવાની નરેન્દ્ર મોદીની વ્યૂહરચના પાર્ટીની વોટઝોળી છલકાવવામાં કેટલી કારગત નીવડશે તેની આગાહી કરવી કરવી અઘરી છે. પરંતુ એક વાત ચોક્કસ કે આ સરકાર ટકી રહેવા માટે કોઈ પણ અણધાર્યું પગલું ભરી શકે છે. એ પગલું પાકિસ્તાન ઉપરના આક્રમણનું પણ હોઈ શકે અને બંધારણને રફેદફે કરી દઈ પ્રજાને વધુમાં વધુ લાભ પહોંચાડવાની જાહેરાતો પણ હોઈ શકે. એ પગલું અધ્યાદેશ જારી કરી અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ શરૂ કરી દેવાનું પણ હોઈ શકે. ઍની થિંગ એન્ડ એવરી થિંગ અંડર ધ સ્કાય - દેશભરમાં ગૌહત્યા નિરોધક કાયદો લાગુ કરવાથી લઈ હિંદુ મંદિરોને માતબર સરકારી ગ્રાન્ટ સુધીનું મોગીને વડાપ્રધાન પદ સામેના પડકારને નિરસ્ત કરવા માટે જે કંઈ પણ કરવું પડશે તે કરીને જંપશે.

આપણામાંથી કો'ક તો જાગે !

રંગ-ઉમંગ

કાનન ઓઝા

શાંતિ...

આબુના ભયંકર ખતરનાક અને છતાં પણ રમ્ય ઢોળાવો પર રમકડાંની જેમ સરકતી જતી કાર આખરે એક આશ્રમ પાસે આવીને ઉભી રહી. ફટાફટ દરવાજા ઉઘડ્યાં અને અંદરથી 'અમે બે, અમારાં બે' ની જાહેરાતના ચિત્રમાં હોય છે એવું નાનું, ચાર જણાનું બનેલું, સુખી કુટુંબ નીચે ઉતરી પડ્યું. પુરુષ, સ્ત્રી અને બે બાળકો. થુરીષે આશ્રમના બગીચાને પાણી પાઈ રહેલા માળીને પુછ્યું, 'સચ્ચિદાનંજીનો આશ્રમ આ જ છે ને?' માળી એ વિવેકપૂર્વક જવાબ આપ્યો : 'પધારો ને ! માતાજી અંદર જ છે.'

હા, સચ્ચિદાનંજી એ કોઈ સંતપુરુષ નહોતાં, પણ સ્ત્રી હતા, સાધ્વીજી હતા. સતૃચિત્ત અને આનંદના સરવાળાને સ્ત્રીલીંગ કે પુંલિંગ નથી હોતું, કોઈ પણ ન શકે, એ તો મનની અંદર વ્યાપ્ત પવિત્ર આનંદની સમાધિ અવસ્થા છે.

માળીએ પ્રેમપૂર્વક મહેમાનોને આવકાર આપ્યો. અને અંદરના મોટા ખંડમાં દોરી ગયો. પરસેવાથી રેબઝેબ ચારેય જણાં ઠંડુ પાણી પીને જરા સ્વસ્થ થયા. 'કહાં સે આતે હો ? માતાજી એ શિષ્ટ અવાજે શરુઆત કરી.'

'ગુજરાત સે.' તો આપણે ગુજરાતીમાં વાત કરીએ.' માતાજી હસ્યાં : 'હું પણ જન્મે ગુજરાતી છું તમારું નામ ?'

પ્રશાંત.

'શું કરો છો?'

'ડૉકટર છું. એમ.એસ. થયો છું. જનરલ સર્જરીમાં માસ્ટર ડિગ્રી મેળવેલી છે. પ્રાઈવેટ સર્જિકલ હોમ ધરાવું છું. આ મારી પત્ની છે. આ બાબો છે, નાની છે એ બેબી છે.'

'કમાઈ બેઠા છો.'

'ધરાઈ જવાય એટલું. સમૃદ્ધ છું.'

'તો પછી અહીં સુધી લાંબા થવાનું કારણ?'

'સમૃદ્ધ ખરો, પણ સુખી નથી. મનની શાંતિ માટે ભટકું છું.' ક્યાંકથી તારો રેફરન્સ મળ્યો, એટલે અહીં આવ્યો છું.

સાધ્વીજી હસ્યા. ડૉકટર સામે નજર નોંધીને જોયું. પાંચ ફીટ દસ ઈંચની હાઈટ, મજબૂત દેહકાઠી, મોંઘાદાટ પેન્ટ-શર્ટ, પ્રેમિકા જેવી પત્ની, રમકડાં જેવા બાળકો અને આશ્રમના ઝાપા પાસે પડેલી રૂપકડી કાર. સુખ તો આટલાંમાં જ પરખાઈ આવતું હતું. સમૃદ્ધિ ઘરે હશે. પણ શાંતિ ? મનનું ચેન ? ચિત્તનો આનંદ ? એ તો આદમીની અંદર વસતો હોય, એને પારખવો શી રીતે ? સાધ્વીજી એ નજરને ધારદાર બનાવી. ડૉકટરના મગજના પોલાણમાં ઉતારીને પાછી ખેંચી લીધી. માણસ સાચો લાગ્યો, સાત્ત્વિક પણ...!

'ખરેખર એને શાંતિની ઝંખના હતી અને જબરદસ્ત હતી.'

'ખરેખર શાંતિ મેળવવી છે? હું મેળવી આપું એવી!'

'હા. પણ મારા દિલને એનાથી સમાધાન મળવું જોઈએ.'

'હું કહું એમ કરવું પડશે. છે તૈયારી ?'

'કસોટી કરી જુઓ. માથું માગો તો એ પણ ઉતારી દઉં.'

'ડૉકટર કમળપૂજા કરવાના અભિનય સાથે કહ્યું.'

'તે ચાલો, ઉભા થાવ, તમારી ગાડી ભલે અહીં જ રહીં, આપણે બીજી ગાડીમાં જઈએ છીએ.'

'પણ ક્યાં ?'

'નીચે આબુ રોડ.' આટલું કહીને માતાજી ઊભાં થયાં. એક ભક્ત ગાડી લઈને થોડીવાર પહેલાં જ એમને મળવા માટે આવ્યા હતા. એમની ગાડી ઊછીની લીધી. એમણે ડ્રાઈવર પણ માંગી લીધો. હમણાં જ આવું છું કહી પડ્યા. સીધા જઈ પહોંચ્યા આબુ રોડની એક રેડીમેઈન કપડાંની દુકાનમાં.દુકાનદારને હુકમ કર્યો. 'એક ઝોડી ઝભ્ભો-લેંઘો આપ.' પેલો માતાજીને ઓળકતા હતો. એમની કાર્યપદ્ધતિને પણ ઓળખતો હતો. એટલે સૌથી સસ્તો, ઘરાકોના હાથમાં ફરીને ચોળાઈ ગયેલો,, મેલોદાટ ઝભ્ભો - લેંઘો કાઢી આપ્યો. ડૉકટરે અંદરની ઓરડીમાં જઈને કપડાં બદલી આવો. તમારિ કિંમતી શર્ટ-પેન્ટ અહીં જ મૂકી દો. અને આ પહેલી લો. 'કેમ, એનાથી શું વળશે ?'

'એ ધીમે ધીમે સમજાશે. માતાજી મર્માળુ સ્મિત કરી રહ્યા હતા. ડૉ. પ્રશાંતે આદેશનું પાલન કર્યું. ઓરડાના અરીસામાં જોયું તો તે આવા કપડાંમાં ભીખારી જેવો લાગતો હતો. માતાજી ત્યાંથી કહીને નીકળી ગયા.' જો તારે કોઈને તું તારી ઓળખાણ ન આપતો અને તારે તારા સોનની રીંગ કે ચેઈન વેચવાની નથી. એમ કહીને માતાજી ત્યાંથી ચાલ્યા ગયા અને કહ્યું, જો તે આવું ન કર્યું તો તારી ગાડી, તારી પત્ની અને તારા બાળકોને બે કલાકમાં અહીં પહોંચાડી દઈશ. ડૉકટર પાસે પૈસા ન હતા. તેની વિચારી રહ્યો હતો. હવે શું કરું... પછી મંદિરના પગથિયે ભિખારીને જોઈ તે પણ વિચાર્યું... હું અહીં બીજુ કામ શું કરું અને ભીખ અને હું ? ન માગી શકું. પરંતુ આખરે નિર્ણય લીધો. ત્યાં પગથિયે બેસી ગયો. પરંતુ આવતા જતા લોકો સોનાની ચેઈન, વીંટી વાળા માણસને કોઈ ભીખ આપતું નહીં. એટલે એને બધું જ કાઢીને ખિસ્સામાં મૂકી દીધું. પરંતુ ચહેરાની ચમકથી બધાને ખબર પડતી હતી કે આ ભિખારી નથી. એટલે એને વિચાર આવ્યો કે મારો ચહેરો થોડો ધૂળવાળો કરું અને ભીખ માગું. પછી તેને ૧૦ રૂપિયાની મહામહેનતે ભીખ મળી. ફક્ત ૨ કલાકમાં ૧૦ રૂપિયાની કમાણી કરી. તેને પૈસાની કિંમત ખબર પડી. તે આશ્રમમાં ચાલતાં ચાલતા જઈને માતાજીના ચરણમાં ૧૦ રૂપિયા મૂક્યા અને કહ્યું, માતાજી આ ૧૦ રૂપિયા મળવાની મને ખૂબ જ આનંદ થાય છે. જયારે હું બે કલાકમાં તો હજારો રૂપિયા કમાતા 'શાંતિ' નહોતી મળી.

તે ડૉકટરે આ ઘટના બન્યા પછી ગરીબ માટે તેને મફત નિદાન કેન્દ્ર શરુ કર્યું અને તેને મફત નિદાન ગરીબો માટે શરુ કર્યું અને તેને શાંતિ, સમૃદ્ધિવાળી જિંદગી મેળવી. આપણામાંથી કો'ક તો જાગે ! બાકી ઉઘવું જ હોય તો બિછામાં ક્યાં કમ છે ? હા પૈસા, પથારી આપી શકે છે. ઊંઘ નહીં.

વધઈ બોટોનીકલ ગાર્ડન કયા જિલ્લામાં આવેલ છે ?

ખજાનો

અનિલ પટેલ

ગુજરાતની ભૂગોળ

૧ વધઈ બોટોનીકલ ગાર્ડન કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) નવસારી (બ) ડાંગ
(ક) પંચમહાલ (ડ) સુરત

૨ ગુજરાતમાંથી નીકળતી સૌથી લાંબી નદી કઈ છે ?
(અ) સાબરમતી (બ) સરસ્વતી
(ક) મહી (ડ) ભાદર

૩ અમૃતવષિણી વાવ કયાં આવેલી છે ?
(અ) પાટણ (બ) અડાલજ
(ક) અમદાવાદ (ડ) ડભોઈ

૪ પારમેરાની ટેકરીઓ કયાં આવેલી છે ?
(અ) વલસાડ (બ) સાબરકાંઠા
(ક) પંચમહાલ (ડ) બનાસકાંઠા

૫ પ્રખ્યાત ખાન સરોવર કયાં આવેલ છે ?
(અ) વિરમગામ (બ) ધોળકા
(ક) વડનગર (ડ) થોળ

૬ કયો પર્વત સાધુઓનું પિયર ગણાય છે ?
(અ) ગિરનાર (બ) શેત્રુજય
(ક) ચોટીલા (ડ) પાવાગઢ

૭ મોખડી ઘાટ કઈ નદી પર આવેલ છે?
(અ) વાત્રક (બ) નર્મદા
(ક) સરસ્વતી (ડ) તાપી

૮ ગુજરાતની કઈ નદીના પટમાં કાલુ નામની માછલી મળે છે?
(અ) તાપી (બ) ઓરસંગ
(ક) અંબિકા (ડ) કોલક

૯ ગુજરાતમાં સૌથી વધુ ઘેટાઓની સંખ્યા કયા જિલ્લાં છે ?
(અ) અમરેલી (બ) કચ્છ
(ક) બનાસકાંઠા (ડ) અમદાવાદ

૧૦ મિતિયાલા અભ્યારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) અમરેલી (બ) જૂનાગઢ
(ક) ભાવનગર (ડ) જામનગર

૧૧ વિશ્વામિત્રી અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ કયા નામે ઓળખાય છે ?
(અ) ચરોત્તર (બ) કાનમ
(ક) ચુંવાળ (ડ) વાકળ

૧૨ જોગાસર તળાવ કયાં આવેલું છે ?
(અ) વિરમગામ (બ) ધાંગ્રધા
(ક) જેતપુર (ડ) અમરેલી

૧૩ ધોલેરા પાસે ખંભાતના અખાતમાં કઈ નદી દરિયાને મળે છે ?
(અ) સાબરમતી (બ) પુષ્પા
(ક) દમણગંગા (ડ) સુકભાદર

૧૪ ઉનાથી ચોરવાડ સુધીનો વિસ્તાર કયા નામે ઓળખાય છે ?
(અ) નાધેર (બ) વાકળ
(ક) ઝાલાવાડ (ડ) વાગડ

૧૫ બન્નીનો ઘાસીયો વિસ્તાર કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) જામનગર (બ) કચ્છ
(ક) બનાસકાંઠા (ડ) સાબરકાંઠા

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૧૧ જાન્યુઆરી :**
  - કદના વામન પણ વિરાટ માનવ ભારતરત્ન લાલબહાદુર શાસ્ત્રીની પુણ્યતિથિ (૧૯૬૬)
  - પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતું સ્વતંત્ર બાંગ્લાદેશ અસ્તિત્વમાં આવ્યું (૧૯૭૨)
  - દૂધનું પ્રથમ વખત બોટલમાં ભરીને વેચાણ શરૂ થયું (૧૮૭૮)
  - ક્રિકેટ જગતમાં 'ધ વૉલ' તરીકે જાણીતા રાહુલ દ્રવિડનો જન્મદિવસ (૧૯૭૩)
- **૧૨ જાન્યુઆરી :** (રાષ્ટ્રીય યુવાદિન)
  - ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર સ્વામી વિવેકાનંદનો જન્મદિવસ (૧૮૬૩)
  - વિશ્વનો પ્રથમ એક્સ-રે ફોટો અમેરિકામાં કાઢવામાં આવ્યો (૧૮૯૬)
  - તત્ત્વજ્ઞાની અને રાજકીય ફિલસુફ એડમંડ બર્ક (બ્રિટન) નો જન્મદિવસ (૧૭૨૯)
- **૧૩ જાન્યુઆરી :**
  - 'હું માનવી માનવ થાઉં તો ઘણું' ના સર્જક ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્'નું નિધન (૧૯૯૧)
  - અકબરના નવરત્નનો માંના એક 'બાબરનામા' લખનાર અબુલ ફઝલનો જન્મદિવસ (૧૫૫૧)
  - દ. આફ્રિકામાં ગાંધીજી પર હુમલો યો (૧૮૯૭)
  - ભારતીય અવકાશયાત્રી રાકેશ શર્મામનો જન્મદિવસ (૧૯૪૯)
- **૧૪ જાન્યુઆરી :**
  - વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન ક્ષેત્રના માહિર નોબેલ પારિતોષિક વિજેતા અલ્બર્ટ સ્વાઈત્ઝરનો જન્મદિવસ (૧૮૭૫)
  - હેલીનો ધૂમકેતુ શોધનાર ખગોળશાસ્ત્રી 'એડમંડ હેલી'નું નિધન (૧૭૪૧)
  - ગણિતશાસ્ત્રી શકુંતલા દેવીએ ૨૦ સેકન્ડમાં ૧૩નો ગુણાંક કરીને વિશ્વ વિક્રમ રચ્યો (૧૯૮૦)
  - હાસ્ય લેખક વિનોદ ભટ્ટની જન્મજયંતિ (૧૯૩૮)
- **૧૫ જાન્યુઆરી :**
  - અમેરિકાનાં ગાંધીનું બિરુદ મેળવનાર માર્ટીન લ્યુથર કિંગનો જન્મદિવસ (૧૯૨૯)
  - સેના દિવસ (આર્મી ડે)
- **૧૬ જાન્યુઆરી :**
  - શિક્ષણવિદ્ તથા પ્રખર ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેની પુણ્યતિથિ (૧૯૧૬)
  - અર્વાચીન ગુજરાતી સાહિત્યના ગાંધીયુગના કવિ, વિવેચક સુંદરજી બેટાઈનું નિધન (૧૯૮૯)
  - રાણી લક્ષ્મીભાઈનો કાશીમાં જન્મ (૧૮૩૫)
  - શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનું નિધન (૧૯૩૮)
- **૧૭ જાન્યુઆરી :**
  - અમેરિકાના પ્રતિભાવંત રાજપુરુષ બેન્જામીન ફ્રેંકલીનનો જન્મદિવસ (૧૭૦૬)
  - બોલીવુડના પ્રથમ શ્રેણીના લેખક, ગીતકાર, જાવેદ અખ્તરનો જન્મદિવસ (૧૯૪૫)
  - પૂર્વ કેન્દ્રીય મંત્રી શશીથરુરના પત્ની, સુનંદા પુષ્કરનું મોત થયું. (૨૦૧૪)
  - અમેરીકાએ ઈરાક ઉપર યુદ્ધ જાહેર કર્યું (૧૯૯૧)

ગત સપ્તાહના સવાલનો જવાબ

૧૯૯૦માં કારસેવકો પર થયેલ ગોળીબાર વખતે યુપીના મુખ્યમંત્રી કોણ હતા?
જવાબ : મુલાયમસિંહ યાદવ (સમાજવાદી પાર્ટી)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક આર. મકવાણા : સે-૨૪
(૫) મહેશ એમ. જાદવ : રાયસણ (૬) રૂચિત એમ. પટેલ : ધોળેશ્વર પાસે
(૭) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

અગાઉ કયા વડાપ્રધાને આર્થિક નબળા સવર્ણો માટે ૧૦ ટકા અનામત જાહેર કરેલ છે જે કોર્ટે રદ કરી હતી?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

મારૂત કેટલાં નામ તમારા ?

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

પોતાના ઈષ્ટ દેવનાં નામો ભેગાં કરીને, નિશ્ચિત સંખ્યામાં સાથે મૂકી દેવાં - એ સ્તુતિનો એક પ્રકાર છે, જેમ કે વિષ્ણુસહસ્રનામ - ભગવાન વિષ્ણુનાં હજાર નામો.

આની જેમ 'હનુમાનસહસ્રનામ' પણ છે. હનુમાનના હજાર નામોનું સ્તોત્ર. એ બે સ્વરુપમાં મળે છે - સદાશિવનું અને રાજ ચંદ્રનું. આ બેમાં સદાશિવનું વધુ પ્રચલિત છે.

આનો સમાવેઓશ રૂદ્રયામલસંહિતામાં થયો છે. એ સંહિતાનો એક ભાગ છે. એના ઋષિ સદાશિવ છે. આના દેવતા હનુમાન છે. આનો છંદ અનુષ્ટુપ છે. આ છંદમાં ૧૪૬ શ્લોક છે.

આમાં મહદંશે કક્કાવારીનો ક્રમ જળવાયો છે.

આમાંનાં કેટલાક નામો પ્રમાણે છે :

(૧) કપીશ્વર, કાલજ્ઞાની, કલાનિધિ, કમલાપતિપ્રિય, કુલત્રાતા, કુલાચારપરાયણ, કૃષ્ણ, કૃષ્ણસ્તુતિ, કુબેર, કુબેરવનપાલક, કૌશલ્યાનંદજીવન, કરુણાનિધિ, કર્મફલપ્રદ.

(૨) ખગનાથપ્રિય - ગરુડને વહાલા, ખગનાથસુપૂજ્ય, ખરધ્વંસી - અસુર કરને મારનારા, ખરારિપ્રિય - રામને પ્રિય, ખડ્ગ હસ્ત, ખેચર - આકાશમાં ફરી શકરનારા.

(૩) ગર્વહર્તા, ગુણસેવી, ગંભીર, ગંધર્માદનપૂજન - આપર્વતને પૂજનારા, ગુરુ, ગુરુપ્રિય, ગાયગ્યાજાપક - ગાયત્રીનો જાપ કરનારા, ગોપાલ, ગદાધર, ગિરિજાપૂજક, ગ્રહદોષવિનાશન.

(૪) ઘોર; ઘોરનખ, ઘોરરાક્ષસઘાતી - ભયંકર રાક્ષસને મારનારા, ઘંટાવાદ્યપ્રિય - ઘંટા અને વાજિંત્ર એને પ્રિય છે; ઘનસ્વન - વાદળ જેવો ગંભીર ધ્વનિ છે.

(૫) ચંદ્રરૂપ, ચંદ્રવંદ્ય - ચંદ્ર એને વંદન કરે, ચંચલ, ચતુર્ભુજ, ચિદાનંદ, ચલત ખંજન લોચન - ફરકતાં ખંજનપક્ષી જેવા નેત્રવાળા.

(૬) છદ્મરૂપી છૂપા રૂપ લઈ શકે, છિન્નપાપ - પાપને છેદી નાખે, છલઘાતી - છત્રુને છલથી મારી શકે.

(૭) જિતમૃત્યુ, જયપ્રિય, જિતેન્દ્રિય, જગદવંદ્ય, જાનકીપતિ સેવક, જાનકીશોકહારી, જતીનાં અગ્રગણ્ય.

(૮) ડમરુ ધ્વનિરત, ડાકિનીભયનાશન.

(૯) તંત્રવિદ્યાવિશારદ, તંત્રમંત્રજપી, તત્ત્વજ્ઞ, તત્ત્વપ્રકાશક, તપસ્વી, તપોજ્ઞાતા, તીર્થસ્વામી, ત્રિદોષહા, ત્રિ-નેત્રપ્રિય - શિવને પ્રિય, તમોધ્વંસી - અંધકારનો નાશ કરે. તેજસાં મૂર્તિ, તત્ત્વદર્શી

(૧૦) દયાસિન્ધુ, દયાદાનપરાયણ, દેવેશ, દીનબંધુ, દૂરદરશી.

(૧૧) ધર્માત્મા, ધર્મધ્વજ, ધન્ય, ધન્વી, ધવલ, ધનુપ - ગાયોને પાળે.

(૧૨) નારાયણ, નાટ્યવેત્તા, નટપ્રિય, નખયુદ્ધવિશારદ્, નિરંજન, નાગકન્યાભયધ્વંસી, નાગર.

(૧૩) પિતાંબર, પવનાત્મજ, પાપહા, પ્લવંગેશ - વાનર સ્વામી, પાર્થધ્વજ નિવાસક - અર્જુનના રથમાં રહેનારા, પુણ્યશ્લોક.

(૧૪) ફુલ્લારવિંદવદન - ખીલેલાં કમળ જેવા મુખ વાળા.

(૧૫) બૃહત્ તનુ, બૃહદ્વિદ્યાવિશારદ્ - બધી વિદ્યાઓના જાણકાર.

(૧૬) ભગવાન, ભવભંજન, ભાગ્યદ.

(૧૭) માધવ, મથુરાનાથ, મનસ્વી, મૈનાકવંદિત, મનોવેગી.

(૧૮) યમુનાતીરવાસી, યમુનાતીર્થચારણ - આ તીર્થમાં ફરનારા.

(૧૯) રામપ્રિય, રમ્ય, રામપૂજક, રૂદ્રસેવી, રાવણારિ, રામદૂત.

(૨૦) લંકાવિધ્વંસક, લંકાપતિઘાતી, લક્ષ્મીનાથપ્રિય.

(૨૧) વિશ્વંભર, વિશ્વાત્મા, વિશ્વેશ્વર.

(૨૨) શુભપ્રદ, શૂર, શત્રુઘ્ન, શરણપ્રદ, શંકર, શાન્તિદ, શ્રીશ.

(૨૩) ષઢાનનપૂજક - કાર્તિકેયને પૂજે, ષડશાસ્ત્રવેત્તા, ષડ્બાહુ

(૨૪) સનાતન, સત્યરુપ, સૌમ્ય, સત્યપરાક્રમ, સપ્તપાતાલચરણ

(૨૫) હનુમાન, હર્ષદાતા, હર, હરિ, હરિશ્વર.

'હનુમન્સહસ્રનામ' નું મહત્ત્વ અનેક રીતે છે. એમાંથી એમની બધી વિશેષતાઓ પ્રગટ થતી રહે છે.